અપીલ અરજી નં.૪૫ તા.૭–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી(નોર્થઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૩૧–૩–૧૦ની અરજીથી (૧)સને ૨૦૦૧ થી માર્ચ ૧૦ સુધીમાં નોર્થઝોન વિસ્તારની સોસાયટીઓ ઈન્ડસ્ટ્રીયલ એરીયા તથા અન્ય વિસ્તારમાં ટોરેન્ટ પાવર લીમીટેડે પાવર સપ્લાય માટે **H.T.CABLE LINE** નાંખવા માટે ખોદકામ કરેલ સોસાયટીઓ ઈન્ડસ્ટ્રીયલ એરિયા તથા અન્ય વિસ્તારની મીટર સહીતની માહિતીની નકલ વિસ્તારનાં નકસા સહીતની નકલ વિ.મુદ્દા નં. ૧ થી ૪ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૭–૫–૧૦ ની **SMC/FAP/** નં.૪૫/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૩૧–૩–૧૦ની અરજીથી (૧)સને ૨૦૦૧ થી માર્ચ ૧૦ સુધીમાં નોર્થઝોન વિસ્તારની સોસાયટીઓ ઈન્ડસ્ટ્રીયલ એરીયા તથા અન્ય વિસ્તારમાં ટોરેન્ટ પાવર લીમીટેડે પાવર સપ્લાય માટે **H.T.CABLE LINE** નાંખવા માટે ખોદકામ કરેલ સોસાયટીઓ ઈન્ડસ્ટ્રીયલ એરિયા તથા અન્ય વિસ્તારની મીટર સહીતની માહિતીની નકલ વિસ્તારનાં નકસા સહીતની નકલ વિ.મુદ્દા નં. ૧ થી ૪ની માહિતી આપવા બાબતે માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સ ેલ/૨૩૦ તા.૧૯–૫–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી(નોર્થઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝે/આ.નં.૧૪૯૯ તા.૨–૬–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જયારે અરજદારે અપીલ અરજી સાથે જાહેર માહિતી અધિકારી તરફથી પાઠવેલ પત્રની નકલ તથા તબદીલ પત્રની નકલ સામેલ કરેલ છે.

અરજદારની તા.૩૧–૩–૧૦ ની અરજીથી (૧)સને ૨૦૦૧ થી માર્ચ ૨૦૧૦ સુધીમાં નોર્થઝોન વિસ્તારની સોસાયટીઓ ઈન્ડસ્ટ્રીયલ એરીયા તથા અન્ય વિસ્તારમાં ટોરેન્ટ પાવર લીમીટેડે પાવર સપ્લાય માટે **H.T.CABLE LINE** નાંખવા માટે ખોદકામ કરેલ સોસાયટીઓ ઈન્ડસ્ટ્રીયલ એરિયા તથા અન્ય વિસ્તારની મીટર સહીતની માહિતીની નકલ વિસ્તારનાં નકસા સહીતની નકલ.(૨) ૨૦૦૧ થી માર્ચ ૨૦૧૦ સુધીમાં ઉપરોકત માંગેલ માહિતીમાં કુલ મીટરદીઠ ટોરેન્ટપાવર લી. એ ભરેલ રકમની માહિતીની નકલ. (૩) મુદ્દા નં.૧ અનુસાર ડોમેસ્ટીક કોમર્શીયલ સીંગલ ફેસ લાઈન નાંખવા માટે ખોદકામ કરેલ સોસા., ઈન્ડ. એરીયા તથા અન્ય વિસ્તારની મીટર સહિતની માહિતીની નકલ, વિસ્તારના નકશા સહિતની. (૪) સને ૨૦૦૧ થી માર્ચ ૨૦૧૦ સુધીમાં ઉપરોકત માંગેલ માહિતીમાં કુલ મીટરદીઠ ટોરેન્ટપાવર લી. એ ભરેલ રકમની માહિતીની નકલ. આમ અરજદાર તરફથી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સદર મુદ્દા બાબતે જનરલ મેનેજરશ્રી ટોરેન્ટો પાવર કંપનીને પત્ર નં.એન.ઝેડ/આ.નં.૮૦૯ તા.૫–૫–૧૦ થી નોર્થઝોન કતારગામ વિસ્તારમાં સને૨૦૦૧ થી ૨૦૧૦ સુધી કરેલ કેબલ નાંખવાની વિગત પૂરી પાડવા પત્ર લખેલ અને તેની જાણ અરજદારને કરેલ. જયારે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી તેમના દફતર ઉપલબ્ધ કોઈ માહિતી આપેલ જણાતી નથી તથા આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ ઈન્કારનું કોઈ કારણ જણાવેલ નથી. અરજદારે અપીલ અરજીમાં કોઈ પણ માહિતી મળેલ નથી એમ જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૧૪૯૯ તા.૨–૬–૧૦ થી આપેલ વિગતોમાં અરજદારે માંગેલ માહિતી પૈકી ૨૦૦૪ –૦૫ થી ૨૦૦૯ સુધીની માહિતી ઉપલબ્ધ છે તેવું જણાવેલ છે પરંતુ અરજદારને તે અંગેની માહિતી પૂરી પાડેલ નથી. તથા આ પ્રકારની માહિતી વ્યાપારી અને ધંધાકીય હિતોને અસર થાય તેમ હોય તેમજ સલામતી અને સાવચેતીના કારણોસર પણ આ પ્રકારની માહિતી અરજદારને પૂરી નહી પાડવા જણાવેલ છે તથા મહાનગરપાલિકા પાસે જો કોઈ કોઈ પણ પ્ર કારની ગેસ સબંધિત માહિતી પણ અરજદારને નહીં પૂરી પાડવા જણાવેલ ગુજરાતગેસ કુ. ના ઉપરોકત પત્રના અનુસંધાને થયેલ નિર્ણય લેવામાં આવેલ હોવાનું જાણમાં છે. તેવું જણાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ તે સબંધે ધંધાકીય રહસ્ય અને હરિફાઈના અપવાદના કારણ હેઠળ અરજદારને કોઈ ઈન્કારનું કારણ જણાવેલ નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ માહિતી પૂરી પાડવા અંગે અથવા તો નહીં પૂરી પાડવા અંગે ઈન્કારના કારણ સહિત નિર્ણય લઈ માહિતી પૂરી પાડવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧–૩–૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી આપવા અંગે અથવા ન આપવા બાબતે અપવાદ હેઠળ ઈન્કારનું કારણ સહિત નિર્ણય લઈ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધકારી , (નોર્થઝોન) ..જાણ તથા અમલ માટે

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,